છેલ્લા સાત વર્ષથી વોન્ટેડ ચીટીંગનો આરોપી ઝડપાયો

હરિની દૃષ્ટિ...

હવે, અચ્છે દીન આવશે... આજથી દિવસ ટુંકો થતો જશે... એટલે લોકો વહેલા સુઈ જશે... મોંઘવારી ઓછી નડશે... ક્રાઈમ રેટ ઘટશે... પ્રદૂષણ ઘટશે...

શહેરમાં નકલી ચલણી નોટો થપાવી જવાનો સિલસિલો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર તથા આસપાસની બેંકોમાં ચલણી નોટો થપાવી જવાનો સિલસિલો હજુ યથાવત છે. તાજેતરમાં બેંક ઓફ બરોડામાં પધરાવી દેવાયેલી નકલી ચલણી નોટો અંગે ફરિયાદ દાખલ થઈ હતી. જયારે આજે વધુ એક દેશના અર્થતંત્રને તોડી પાડવાના કાવતરા અને ચલણી નોટ નકલી હોવા છતા અસલી તરીકે ઉપયોગ કરવા બદલ ગુનો દાખલ થયો છે.

એસ.બી.આઈ.ની મુખ્ય બ્રાન્ચ, કલોલ બ્રાન્ચ અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા સે-૧૭ ત્રણ બેંકોમાં બે માસમાં ૧૫ નકલી ચલણી નોટો ગઠીયાઓ થપાવી ગયા છે જે અંગે ગુનો નોંધી એલસીબીએ તપાસ શરુ કરી છે.

શહેરના સે-૧૭ ખાતે સ્થિત યુનિયન બેંક ઓફ ઈન્ડીયાના કેશીયર ચુનીલાલ નરસિંહભાઈ બારોટે આપેલી પોલીસ ફરિયાદ મુજબ માર્ચ અને એપ્રિલ ૨૦૧૫ બે માસના સમયગાળા દરમિયાન યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (મુખ્ય શાખા) અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કલોલ શાખા મળી ત્રણ બેંકમાં નકલી નોટો કોઈ પધરાવી ગયું છે. બે માસ દરમિયાન ત્રણેય બ્રાન્ચમાં રૂ.૫૦ની એક, રૂ. ૧૦૦ની પાંચ, રૂ. ૫૦૦ની છ અને રૂ.૧૦૦૦ની ત્રણ એમ કુલ ૧૫ નકલી ચલણી નોટો જમા કરાવી કોઈ ચાલ્યુ ગયું છે. કેશીયરની ફરીયાદને આધારે દેશના અર્થતંત્રને તોડી પાડવાનું કાવતરૂ નકલી નોટને અસલી તરીકે ઉપયોગ કરવા સહિતનો ગુનો સે-૨૧ પોલીસ મથક ખાતે નોંધાવી ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.એન. વાઘેલાએ તપાસ શરુ કરી છે.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમમાં સ્પેલિંગ કોમ્પિટીશન યોજાઈ

ગાંધીનગર સેક્ટર-૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતે આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી શાળા ખાતે તાજેતરમાં અંગ્રેજી ભાષાના જ્ઞાનની ચકાસણી કરવા માટે 'સ્પેલિંગ કોમ્પિટિશન' રાખવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એસ.જી. ઈંગ્લિશ મિડિયમ શાળાના ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સ્પેલિંગના ઉચ્ચારણ, અર્થ અને અંગ્રેજી ભાષાના જ્ઞાનની ચકાસણી માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓનો પાંચ જુથ પાડી ત્રણ રાઉન્ડ યોજવામાં આવ્યા હતા. જેમાં રેડહાઉસ, બ્લ્યુ હાઉસ, ગ્રીન હાઉસ, યલો હાઉસ અને ઓરેન્જ હાઉસનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્પેલિંગ સ્પર્ધામાં રેડ હાઉસ પ્રથમ ક્રમે, બીજા ક્રમે યલો હાઉસ અને ત્રીજા ક્રમે ઓરેન્જ હાઉસ વિજેતા બન્યું હતું. વિજેતા વિદ્યાર્થી ગ્રુપને આમંત્રિત મહેમાન અમૃતાબેન મિશ્રા ભાવેશ સુખડીયા અને આચાર્યા મિલિસિંહના હસ્તે ટ્રોફી એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ખૂણે ખાંચરેથી...

● રાજ્યના રાજ્યમંત્રી શ્રી નાનુભાઈ વાનાણીના ધર્મપત્નીને વાઈરલ ફિવર થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● ગાંધીનગર તાલુકાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ધુમાડાઓના શુદ્ધિકરણના પ્રોજેક્ટસ ઉપરાંત ગ્લોબલ વોર્મિંગ તેમજ મોટા ગુણાકારની સરળ પદ્ધતિ દર્શાવતી બાબતો વિદ્યાર્થીઓને ખુબ સ્પર્શી ગયા હતા.

● ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુનો કહેર સામે તંત્રએ સર્વેલન્સ સઘન બનાવ્યું છે.

● ગાંધીનગર જિલ્લામાં આજે વરસાદ રોકાઈ ગયો હતો અને તડકો નીકળતાં આરોગ્યતંત્રએ રાહત અનુભવી છે.

● અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં જતા પદયાત્રીઓની સંખ્યા હવે ઘટવા લાગી છે. આ મેળાની આડે હવે ૪ દિવસ જ બાકી રહ્યા છે.

● સાતમા પગાર પંચના અહેવાલને લઈ વાયરલ થયેલા મેસેજના પગલે કર્મચારીઓમાં ચર્ચાનો દોર શરૂ થયો છે અને સાંજે તો તે ટોક ઓફ ધ ટાઉન બની ગયેલ.

નર્મદા કેનાલ પર એક સાથે ચાર કાર અથડાતા અકસ્માત

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈન્દીરાબ્રીજ માર્ગ પર નર્મદા કેનાલ ઉપર સમી સાંજે એક કાર ધડાકાભેર વીજ થાંભલા સાથે અથડાતા પાછળ આવતી અન્ય ચાર કાર એક પછી એક પાછળ જોરદાર અથડાતા ફિલ્મી દૃશ્યો સર્જાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ માર્ગ દરરોજ હજારોની સંખ્યામાં ફોર વ્હીલર અને ટુ વ્હીલર વાહનનો અવરજવર કરે છે. દરમિયાન ગતરોજ રાત્રે એક વેગનઆર કારના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા જ પાછળ આવતી અન્ય ચાર કાર પણ બ્રેક મારવાના લીધે એકની પાછળ એક જોરદાર અથડાઈ હતી અને ફિલ્મી દૃશ્યો જોવા મળ્યા હતા. અકસ્માતને પગલે બ્રીજ પર થોડા સમય માટે વાહનોની લાંબી કતાર જોવા મળી હતી.

છેલ્લા સાત વર્ષથી વોન્ટેડ ચીટીંગનો આરોપી ઝડપાયો

સે-૨૧ પોલીસ સ્ટેશનનાં ગુનામાં વોન્ટેડ આરોપી જામનગર ફરતો હતો : એસઓજી એ ઝડપી પાડયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની સુચનાથી જિલ્લાની એલસીબી, એસઓજીની ટીમો નાસતા ફરતા આરોપીઓને પકડવા કમર કસી રહી છે ત્યારે આજે ગાંધીનગર એસઓજીની ટીમે વધુ એક વોન્ટેડ આરોપીને પકડયો છે. સે-૨૧ પોલીસ મથકનાં ગુનામાં સાત વર્ષથી વોન્ટેડ આરોપીને બાતમીને આધારે જામનગરથી પકડી લેવાયો છે. તેની ધરપકડ કરીને એસઓજીએ સે-૨૧ પોલીસને સોંપી દીધો છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પી.આઈ. પી.બી. ચૌહાણે તેમની ટીમને વોન્ટેડ આરોપીઓ પકડવા કામે લગાડી છે. પીએસઆઈ એન.જે. જાડેજા તથા તેમની ટીમના હેડ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ તથા કોન્સ્ટેબલ ગજેન્દ્રસિંહ અને ભવાનસિંહ સહીતના માણસોએ સે-૨૧ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૦૯ના ગુન્હામાં વોન્ટેડ એક શખ્સને પકડી પાડયો છે. છેલ્લા સાત વર્ષથી વોન્ટેડ મુળ નરોડા સૈજપુર બોધાનો આરોપી ભાવેશ રમેશ શાહ જામનગરમાં ફરતો હોવાની બાતમીને આધારે જામનગરમાં વોચ ગોઠવીને ભાવેશને ઝડપી લેવાયો છે. આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૨૦ અને ૪૦૬ના ગુનામાં ભાવેશ નાસ્તો ફરતો હતો. એસઓજીની ટીમે તેની ધરપકડ કરી સે-૨૧ પોલીસને સોંપી દીધો છે.

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામમાં મેઈન બજાર ચોકમાં શ્રી અચલેશ્વર મહાદેવ ખાતે શ્રી ગણેશ મિત્ર મંડળે ગણેશ ઉત્સવનો ભવ્યાતીભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. દરરોજ નવા નવા ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં રાત્રે ભક્તજનો હૃદયથી ભક્તિ કરી ગણેશજીને રીઝવતા હતા. તેમાં ગ્રામજનોનો ખુબ સહકાર મળ્યો હતો. તેમજ ગણેશજીને અન્નકૂટનો પ્રસાદ પણ ધરાવ્યો હતો.

ગાંધીનગરના રૂમીત પટેલે નેશનલ સ્કેટીંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડેમીમાં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટરનો રૂમીત પટેલ અન્ડર-૧૭માં નેશનલ સ્કેટીંગ કોમ્પીટીશન રાજીવ ગાંધી સ્ટેડીયમ, કોમલ ખત્રી સ્કેટીંગ રીંગ બવાના દિલ્હી ખાતે તા. ૧૩-૯-૨૦૧૫થી ૧૫-૯-૨૦૧૫ દરમ્યાન યોજાયેલ નેશનલ સ્કેટીંગ સ્પર્ધામાં ભાગ લઈ તૃતીય ક્રમાંક મેળવીને બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધારેલ છે. રૂમીત પટેલને સંસ્થાના સંચાલક શ્રીમતિ દિનાબેન ડોડીયાના માર્ગદર્શન તથા સીનીયર સ્કેટીંગ કોચ વસીમ મનસુરી પાસેથી તાલીમ મેળવી હતી. સંસ્થા પરિવાર દ્વારા રૂમીતને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

યુવા પેઢી રાષ્ટ્રના નિર્માણમાં શક્તિનો વિનિયોગ જરૂરી છે

એનએસએસ નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ ખાતે આનંદીબેને ભાગ લીધો : સૌને વિકાસ અવસર આપ્યા છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાષ્ટ્રીય સેવા સંગઠન એનએસએસ નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પના ૨૦૦ ઉપરાંત યુવા છાત્રોને રાષ્ટ્રનિર્માણમાં પોતાની સર્જનાત્મક શક્તિનો વિનિયોગ કરવાની પ્રેરણા આપી છે. આનંદીબેને ગુજરાતમાં યોજાઈ રહેલા એનએસએસ નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પમાં ભાગ લઈ રહેલા ૧૦ રાજયો તથા કેન્દ્રશાસિત પ્રદેશની ૨૦થી અધિક યુનિવર્સિટીઓના છાત્રોને સંબોધન કરી રાષ્ટ્રચેતના અને વ્યક્તિત્વ વિકાસનું માર્ગદર્શન આપ્યું હતું.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજય મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદી તથા એનએસએસ સેલના પ્રદેશિક નિયામક આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી સાતે વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓએ રસપ્રદ પ્રશ્નોતરી કરીને ગુજરાતની ગતિશીલ વિકાસગાથા, પ્રથમ મહિલા મુખ્ય મંત્રી તરીકે શાસન દાયિત્વ સંભાળવાની સફળતા તથા શિક્ષણ, યુવા કારકિર્દી ઘડતર વિષયક બાબતે અંગે જાણવામાં ઉત્સુકતા દર્શાવી હતી. મુખ્યમંત્રીએ રાજયની સર્વાંગી ગતિ-પ્રગતિમાં જનસેવા પ્રતિબદ્ધતા, સ્થિર શાસન, કર્મયોગીઓને સેવા દાયિત્વભાવ તેમજ સમાજના સૌ વર્ગોને સ્પર્શતા આયોજનોને વાસ્તવિકરૂપ તથા સૌના સાથ સૌના વિકાસની કાર્યનિષ્ઠા રહેલી છે. તેમ અનેકાનેક દ્રષ્ટાંતો સાથે યુવા વર્ગોને સમજાવ્યું હતું.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં જ્યાં જરૂરીયાત હોય ત્યાં સુવિધા પહોંચાડવા ઉપરાંત પારદર્શી સેવા નિમણૂંક, કન્યા કેળવણી, યુવા કૌશલ્યવર્ધન, આરોગ્ય અભિયાનો, બેટી બચાવો-બેટી પઢાવો જેવા જનહિતકારી કામોની શ્રૃંખલાથી યુવાવર્ગો સહિત સૌને વિકાસ માટેના યોગ્ય અવસરો પુરા પાડ્યા છે.

આનંદીબેને ગુજરાતના અગાઉના વર્ષોના વિકાસના પરિપ્રેક્ષ્યમાં પાછલા દોઢ દાયકામાં જે સમગ્રતયા વિકાસ થયો છે. તેમાં સૌનો સહયોગ મળ્યો છે. તેની વિભાવના સમજાવી હતી. મુખ્યમંત્રીએ યુવા વર્ગોને સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસની આ બુનિયાદ રચવામાં જે પરિશ્રમ-પરસેવો પ્રજાકીય સૌહાર્દથી પાડ્યો છે. તેને અકબંધ રાખીને સર્જનાત્મક કાર્યોથી જ નવીં ઊંચાઈએ પહોંચાડી શકાશે. યુવા પેઢીના ભરોસે-વિશ્વાસે રાજયની વૈશ્વિક વિકાસયાત્રાને આગળ લઈ જવી છે તેવી નેમ પણ યુવા છાત્રોને પ્રેરક માર્ગદર્શન આપતાં વ્યક્ત કરી હતી.

સતત ૯મા વર્ષે કલાગુર્જરી દ્વારા ગાંધી ગીતો ભજનોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ ૨જી ઓક્ટોબરે છેલ્લા ૯ વર્ષથી શહેરની કલા ગુર્જરી દ્વારા 'જે પીડ પરાઈ જાણે રે...' કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વર્ષે પણ સે. ૧૭ના ટાઉનહોલ ખાતે સવારે ૬.૩૦ થી ૮.૩૦ વાગ્યા દરમ્યાન ગુજરાતના જાણીતા કલાકારો દ્વારા આશ્રમ ભજનાવલિના ભજનો તથા અન્ય ગાંધી ગીતો-ભજનોનો કાર્યક્રમ યોજાશે. વહેલી સવારના સુરમ્ય વાતાવરણમાં યોજાતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ગાંધીનગરના સુજ્ઞ નગરજનોને કલાગુર્જરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સરસ્વતી પ્રાથમિક શાળા દ્વારા પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સેક્ટર-૨૨ ખાતે આવેલ સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર અને સરસ્વતી શિશુવાટિકા દ્વારા તાજેતરમાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિદ્યાર્થીઓને અંબોડ ગામે મહાકાળી માતાજીના મંદિરે પ્રવાસ લઈ જવામાં આવ્યા હતા. ત્યાંના નયનરમ્ય વાતાવરણમાં બાળકોને ખૂબ જ મજા આવી હતી. નદી, ટેકરીઓ, મંદિર વગેરે જોઈને બાળકો ખુશ થઈ ગયા હતા.

દુ:ખદ અવસાન

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-ડી પ્લોટ નં. ૧૫૧૪/૧ ખાતે રહેતા કાંતાબેન દિનેશભાઈ રાઠોડનું આકસ્મિક તા. ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૫ મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

રામપુરા ગામમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક ચિલોડા વિસ્તારમાં આવેલા રામપુરા ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સમી સાંજે ચિલોડા પોલીસે દરોડો પાડયો હતો. રામપુરા ગામના બળિયાદેવ મંદિર પાસે જાહેરમાં જુગાર રમતા રામપુરાના પરબત ધુળાજી ઠાકોર, અમૃત કાળાજી ઠાકોર, મુકેશ રામાજી ઠાકોર અને તલોદના વિપુલ દશરથ દરજી મળીને ચારેયની રૂ. ૨૪૬૭૦ના રોકડ મુદ્દામાલ સાથે પીએસઆઈ જે.બી.ચાવડા તથા તેમની ટીમે ઝડપી પાડયા હતા. ચારેય સામે ગુનો દાખલ કરીને ચિલોડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાયત્રી મંદિર ખાતે મહિલા યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

દિવ્યજીવન સંઘ તથા ગાયત્રી શક્તિપીઠ દ્વારા બહેનો માટે યોગાસન શિબિરનું આયોજન તા. ૨૮ સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોબર-૨૦૧૫ સુધી ગાયત્રી મંદિર સે. ૧ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં યોગાસન, પ્રાણાયામ ધ્યાન તથા વિવિધ રોગોમાં કુદરતી ઉપચારનું પ્રશિક્ષણ આપવામાં આવશે. ગાયત્રી મંદિરના ભોંયરામાં સાંજના ૫ થી ૬.૩૦ વાગ્યા સુધી શિબિર કાર્યરત રહેશે. આ યોગ શિબિરમાં જોડાવા ઈચ્છુક નગરની બહેનોએ આસન સાથે હાજર રહેવા જણાવાયું છે. શિબિરનું સંચાલન શોભાબેન શાહ કરશે.

આદર્શ સંસ્કાર તીર્થ હાઈસ્કૂલ ધણપ ખાતે જ્ઞાનોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩

આદર્શ સંસ્કાર તીર્થ હાઈસ્કૂલ ધણપ ખાતે તા. ૮ થી ૧૬ ઓક્ટોબર દરમ્યાન જ્ઞાનોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છતા અભિયાન, જનરલ નોલેજ, વક્તૃત્વ સ્પર્ધા સહિત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

જ્ઞાનોત્સવ ઉજવણી દરમિયાન સ્વચ્છ ગામ અભિયાનમાં વિદ્યાર્થીઓ દ્વારા મહોલ્લામાં જઈ સફાઈ કરી સ્વચ્છતા જાગૃતિ, ફાયદા, સ્વયં સ્વચ્છતા અંગે વિશેષ માહિતી ગ્રામજનોને પુરી પાડી હતી. ઉપરાંત શાળા સ્વચ્છતા, વિદ્યાર્થી સ્વચ્છતા અભિયાન યોજાયું હતું તેમજ જનરલ નોલેજ ક્વિઝ, આહાર અને પોષણ વિષય પર અરૂણાબેન પટેલ દ્વારા માહિતિ પુરી પાડવામાં આવી હતી. સુલેખન, વાંચન, કાવ્યગાન, દેશભક્તિ ગીત, રંગોળી, યોગાસન, વકતૃત્વ સહિત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ રાઠોડે અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

વીરમાયા કાવ્ય સ્પર્ધાના ઈનામ વિતરણ અને કાવ્યસંગ્રહનો લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા. ૨૩

વીરમાયા કાવ્ય સ્પર્ધાના ઈનામ વિતરણ અને કાવ્યસંગ્રહનો લોકાર્પણ કાર્યક્રમ માયાટેકરી પાટણ, ખાતે તાજેતરમાં સંસ્થાના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે કવિઓ, માયાપ્રેમીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

વીરમાયા કાવ્ય સ્પર્ધાઓ ઈનામ વિતરણ પ્રસંગે ઉપસ્થિત ઝવેરભાઈ ચાવડાએ પ્રાસંગીક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે માયાને ઉજાગર કરવા અને સમાજમાં સંદેશ પહોચે તે માટે તેમજ તેમને યાદ કરી સમાજ ધૈય સાથે આગળ વધે અને સાથોસાથ સરકારની બે કરોડની સહાય તેમજ સમાજની એક કરોડની દાન ફાળાથી સ્મૃતિભવન આકાર લઈ રહ્યું છે. તેના દર્શનથી સૌ પ્રભાવિત થાય. માયાપ્રેમી કવિઓમાં બબલદાસ ચાવડા, ભી.ન. વણકર,. મોહનભાઈ, દલપત ચૌહાણ, ડૉ. નરસિંહદાસ વણકર, નગીન ડોડીયા, દાન વાઘેલા, છગન બાજક, બાલકૃષ્ણ પુરાણી, હિતેન્દ્ર હિતકર, નરેશ જાદવ, ડૉ. હરપાલરાણા, શંકર પેન્ટર, રમેશ સોલંકી, દિનેશ પરમાર, પાનાચંદ સોલંકી, રમેશભાઈ, વિશ્રામભાઈ, રતિલાલ મકવાણા હાજર રહ્યા હતા. સંસ્થાના હોદ્દેદારો મહામંત્રી ડી.પી. પરમાર, મંત્રી કે.આઈ. પટેલ, ઉપપ્રમુખ નરસિંહદાસ, નગીન ડોડીયા, ધીરજ સોલંકી, વિઠ્ઠલ પરમાર, નિરંજન ચાવડા, નવીન પરમાર, પી.આર. હડિયોલ, ગૌતમભાઈ, અનિલભાઈ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

ગુજરાતી ફિલ્મસ્ટારના નિવાસે રામાપીરના પાઠ યોજાયા

ગાંધીનગરના સે. ૧૫માં ફતેપુરા ખાતે ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અદાકાર વિક્રમ ઠાકોરના નિવાસસ્થાને રામાપીરના પાઠ યોજાયા હતા. આખી રાત ચાલેલા આ પાઠમાં તેમના દાદા ભગત મેલાજી સોમાજી તથા લોક ગાયક જીગ્નેશ કવિરાજ પણ જોડાયા હતા. વહેલી સવારે પાઠના સમાપન બાદ રામાપીરના નેજા ચઢાવાયા હતા.

સેક્ટર-૭ શિવશક્તિ નવરાત્રી સમિતિના સભ્યોની વરણી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-સી ખાતે આવેલ શિવશક્તિ નવરાત્રી મહોત્સવ સમિતિની આગામી-૨૦૧૫ની નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવા બાબતે તાજેતરમાં સાધારણ સભા મળી હતી. જેમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે લાલુભા આર. વાઘેલા, ઉપપ્રમુખ દાનસિંહ આર. પરમાર, મહામંત્રી તરીકે તળજાભાઈ એસ. દેસાઈ, સહમંત્રી તરીકે રાજુભાઈ આઈ. પટેલ, ખજાનચી તરીકે નવુજી બી. વાઘેલા, ગણપતસિંહ બી. ચુડાસમા, કન્વીનર તરીકે એલ.વી. ઠાકોર, ઓડીટ તરીકે રાજુભાઈ શ્રીમાળી, જયેન્દ્રસિંહ બિહોલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.